## ટેટોડાની માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળામાં અદ્યતન લેબનો શુભારંભ



ડીસા તાલુકાના ટેટોડા ગામે સ્વામી શૂન્યાનંદ સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રી માતૃ કૃપા ચંચળબા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૨૦ લાખના ખર્ચે બનેલી અટલ ટિકરિંગ લેબનું આજે પ્રથમ નોરતે ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યા, માર્કેટયાર્ડ ચેરમેન માવજીભાઈ દેસાઈ અને જિલ્લા શિક્ષણ અધિકારી એન.બી.ચાવડાના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. રાજ્યમાં ૨૦૧૭-૧૮ ના વર્ષમાં રાજ્યમાં નીતિ આયોગ નવીદિલ્હી દ્વારા અટલ ઈનોવેશન મિશન અંતર્ગત નાના બાળકોની જિજ્ઞાસાવૃત્તિ સંતોષવા અને સંશોધનાત્મક રુચિ વધારવા આ લેબનો પ્રોજેક્ટ અમલી બનાવાયો હતો.જેના ભાગરૂપે શાળાના બાળકોને હિતમાં આ લેબ શરૂ કરવામાં આવી છે. જેના શુભારંભ પ્રસંગે સુરેશભાઈ બ્રહ્મભટ્ટ, કિરીટભાઈ બ્રહ્મભટ્ટ, દિલીપભાઈ બ્રહ્મભટ્ટ તથા નવીનભાઈ જોશી ભરતભાઈ સોની જીતુભાઈ મંડોરા દિનેશભાઈ દરજી સાથે ગ્રામજનો અને શિક્ષણ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. લેબ ખુલ્લી મુકાતા વાલીઓ સાથે બાળકોએ પણ ખુશાલી વ્યક્ત કરી હતી.

## પાલનપુરના જેલ કર્મચારીઓ દ્વારા વિવિધ માંગણીઓને લઈને આવેદન પત્ર...



રાજ્ય સરકાર સામે તાજેતરમાં પોલીસ કર્મચારીઓ દ્વારા આંદોલન થયું હતું અને રાજ્ય સરકાર દ્વારા પોલીસ કર્મચારીઓ માટે લાભ મળે તે માટે ભથ્થું જાહેર કર્યા બાદ જે તે પરિપત્રમાં જેલ પોલીસ કર્મચારીઓનો કોઈ ઉલ્લેખ નહીં થતાં જેલ કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આજરોજ પાલનપુરના જેલ કર્મચારીઓ દ્વારા પાલનપુર ખાતે એકઠા થઈ જિલ્લા કલેકટર કચેરીએ આવેદનપત્ર આપ્યું હતું અને જેલ વિભાગના કર્મચારીઓને જાહેર સુરક્ષા પ્રોત્સાહન ભથ્થામાં માં સમાવેશ કરવામાં આવે તેમજ વિવિધ માગણી ઓને લઈને રજૂઆત કરી હતી.

## અધિક મુખ્ય સચિવની ખાતરી બાદ ડીસામાંમહેસુલી કર્મચારીઓનું આંદોલન મોકૂફ



જુની પેન્શન યોજનાના અમલીકરણ સહિત વિવિધ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે સરકારી કર્મચારીઓ આંદોલનના માર્ગે છે. ત્યારે ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લાના મહેસૂલી કર્મચારીઓ આજથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાના હતા. જેમાં મહેસૂલી કર્મચારીઓએ જૂની પેન્શન યોજના લાગુ કરવા, ફિક્સ પગારપ્રથા બંધ કરવી, ૭ માં પગાર પંચના વિવિધ ભથ્થાની ચુકવણી સહિતના ૧૭ જેટલાં પડતર પ્રશ્નોને લઈ આજે રાજ્યની સાથે બનાસકાંઠામાં પણ કર્મચારીઓએ લડત આરંભી હતી. મહેસુલી કર્મચારીઓ સરકાર નિરાકરણ નહીં લાવે તો આજથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાના હતા. પરંતુ અધિક મુખ્ય સચિવે દરમિયાનગીરી કરી કર્મચારીઓના પ્રશ્નો મામલે ઝડપી પ્રક્રિયા પૂર્ણ કરવાની ખાત્રી આપતાં હાલ પુરતી હડતાળ મોકૂફ રખાઈ છે. સાથે જ કર્મચારી મંડળે પણ જણાવ્યું હતું કે, જો આગામી ૧૦ દિવસ સુધીમાં માંગણીઓ પૂર્ણ કરવામાં નહીં આવે તો તેઓ ફરી આંદોલનનો માર્ગ અપનાવશે.

## અરવલ્લી : નવરાત્રીનો પ્રારંભ - પ્રથમ દિવસે ખેલૈયાઓ રાસ ગરબા રમ્યા





આસો નવરાત્રીનો અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં રંગેચંગે પ્રારંભ થયો હતો અનેક ઠેકાણે માઈ ભક્તો અને આયોજકો દ્વારા શુભ મુહર્તમાં માતાજીનું સ્થાપન કરી શાસ્ત્રોક્ત વિધિથી પૂજા અર્ચના કરવામાં આવી હતી મોડાસાની રમઝટ નવરાત્રી, કુમકુમ પાર્ટી પ્લોટ, રામપાર્ક મેદાન અને ઉમિયામાતાના મંદિરે પ્રથમ દિવસે જ ખેલૈયાઓ ગરબે રમવા ઉમટ્યા હતા.પહેલા નોરતે ખેલૈયાઓ ઉમટી પડ્યા અને ગરબે ઘૂમ્યા હતા નવરાત્રી નો પ્રારંભ થતાંજ મોડાસા શહેર રંગબેરંગી લાઈટોની રોશનીથી ઝળહળી ઉઠ્યું ઉઠ્યું હતું.

### આંજણા પાટીદાર સમાજમાં ભાજપ પ્રત્યે વ્યાપક નારાજગીનો સૂર

# ભિલોડાના અર્બુદા સંમેલનમાં ૧૫ હજારની મેદની ઉમટતાં રાજકીય પક્ષો ફફડ્યા

## ભાજપે દૂધ સાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરીને અરવલ્લી દોડાવ્યા, આંજણા પટેલ સમાજના અગ્રણીઓ સાથે બેઠક યોજી કૌભાંડનું લીસ્ટ આપ્યું..!!

ભિલોડા, તા.૨૭

અર્બુદા સેના ગુજરાતના અધ્યક્ષ વિપુલ ચૌધરીની પોલીસ દ્વારા



ધરપકડ પછી આંજણા પાટીદાર સમાજમાં ઉગ્ર રોષ ફાટી નિકળ્યો છે.

**આંજણા પટેલોના રોષને ઠારવા આગેવાનોને જવાબદારી**

અર્બુદા સેનાના કેટલાક કાર્યકરોએ જણાવ્યું કે ભાજપે વિપુલ ચૌધરીને હાથકડી પહેરાવીને મહાન ભૂલ કરી છે. વિપુલ ચૌધરી ગુનેગાર હોય તો કાર્યવાહી થવી જોઈએ પરંતુ જે રીતે હાથકડી પહેરાવીને રીઢા ચોર જેવો વ્યવહાર કર્યો છે તે આંજણા પાટીદાર સમાજને હરગીઝ મંજૂર નથી અને તેના કારણે અર્બુદા સેનાએ દરેક વિસ્તારોમાં સંમેલન કરતાં સ્વયંભુ સમાજના ભાઈ-બહેનો ઉમટી રહ્યા છે અને વિધાનસભા ચૂંટણીમાં ભાજપને નુકસાન થવાની સંભાવના વધી જતાં ભાજપ દ્વારા આંજણા પટેલ સમાજના ભાજપના આગેવાનોને ડેમેજ કંટ્રોલ કરવાની વિશેષ જવાબદારી આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

સોમવારે ભિલોડાના મોહનપુર પાટીયા પાસે અર્બુદા સેનાનું સંમેલન યોજાયું જેમાં ૧૫ હજારથી વધુ આંજણા પાટીદાર સમાજના ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં સરકાર દ્વારા વિપુલ ચૌધરીની જેલમુક્તિ કરવામાં નહીં આવે તો જલદ આંદોલનની ચેતવણી આપવામાં આવી છે. આંજણા પાટીદાર સમાજમાં ભાજપ પ્રત્યે વ્યાપક નારાજગીનો સૂર સભા મંડપમાં છૂપો રહી શક્યો નથી. સભા યોજાયાના ગણપતિના કલાકોમાં જ ભાજપે આંજણા પાટીદાર સમાજની મત બેન્ક અકબંધ રાખવા માટે દૂધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરીને અરવલ્લી દોડાવ્યાની જાણકારી સામે આવી છે. જ્યાં આંજણા પાટીદાર સમાજના અગ્રણીઓ સાથે બેઠક યોજી બંધ બારણે ચર્ચા કરી વિપુલ ચૌધરીના કૌભાંડનું લીસ્ટ સમાજના આગેવાનોને આપ્યાનું દિવસ દરમ્યાન સંભળાતું હતું.



કોણ જાણે કેમ પરંતુ અરવલ્લી જિલ્લામાં ભાજપે સંગઠન પ્રમુખ તરીકે આંજણા પાટીદાર સમાજના રાજેન્દ્રભાઈ જે. પટેલની નિયુક્તિ કરી છે છતાં ભાજપ પ્રત્યે અસંતોષ સતત વધી રહ્યો છે. ગત મહિને અર્બુદા સેના દ્વારા મોડાસાના બી.એ.પી.એસ. મંદિરમાં વિપુલભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલી સભામાં ૫૦૦૦થી વધુ લોકો ઉમટ્યા હતા. એક તબક્કે આંજણા પાટીદાર સમાજના યુવાનોને વિપુલ ચૌધરીના સંમેલનમાં જતાં અટકાવવાના પ્રયાસ થયા પરંતુ તે પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. ત્યાર પછી દૂધ સાગર ડેરીના ૮૦૦ કરોડના કૌભાંડમાં એ.સી.બી. દ્વારા વિપુલ ચૌધરી અને તેમના પરિવારના સભ્યોની અટકાયત કર્યા પછી સમગ્ર ઉત્તર ગુજરાતમાં આંજણા પાટીદાર સમાજ રોષે ભરાયો છે. ઉત્તર ગુજરાતમાં વિપુલ ચૌધરીની પાઘડીની અધ્યક્ષતામાં યોજાયેલા બે સંમેલનો સફળ રહ્યા પછી તા.૨૬ સપ્ટેમ્બરના રોજ ભિલોડાના મોહનપુર પાટીયા પાસે અર્બુદા સેના દ્વારા મહાસંમેલન યોજવામાં આવ્યું હતું જેમાં ધોલવાણી ત્રણ રસ્તા થી સભા સ્થળ

**૧૫,૦૦૦થી વધુ લોકો ઉમટ્યા – અર્બુદા સેના પ્રમુખ**

અરવલ્લી જિલ્લા અર્બુદા સેના પ્રમુખ મનિષ પટેલે જણાવ્યું કે વિપુલ ચૌધરીની સરકારે ધરપકડ કર્યા પછી સમગ્ર આંજણા પટેલ સમાજમાં ભાજપ સરકાર સામે રોષ ભભૂકી ઉઠયો છે. ભિલોડાના મોહનપુર પાટીયા નજીક અર્બુદા સેના સાબરકાંઠા, અરવલ્લી તથા ઓ.બી.સી. એકતા મંચ દ્વારા યોજાયેલા મહાસંમેલનમાં ૧૫,૦૦૦ થી વધુ લોકો ઉમટ્યા હતા જેમાં ધનસુરા, મોડાસા, બાયડ, ઈડર, વિજયનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા તાલુકાના સૌથી વધુ ભાઈ-બહેનો હોવાનું જાણવા મળ્યું છે.

સુધી યોજાયેલી બાઈક રેલીમાં જનસેલાબ જોઈને રાજકીય પક્ષો હેબતાઈ ગયા હતા અને ત્યાર પછી જાહેર સભામાં વિપુલ ચૌધરીની



ધરપકડ સામે આંજણા પાટીદાર સમાજમાં રોષ જોવા મળ્યો તે જોતાં આગામી વિધાનસભા ચૂંટણીમાં ખાસ કરીને ભાજપને આંજણા પાટીદાર મતદારોનો રોષ ભરખી જાય તેવી લોક ચર્ચાઓ સભા પછી સાંભળવા મળી છે. એક પછી એક અરવલ્લી જિલ્લામાં અર્બુદા સેનાના સંમેલન ધાર્યા કરતાં પણ વધુ સફળ જતાં ભાજપની પ્રદેશ નેતાગીરીએ તેની ગંભીર નોંધ લીધાનું જાણવા મળ્યું છે.

## પ્રાંતિજ કોલેજ ખાતે થેલેસેમીયા ચેકઅપ કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

**કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કેમ્પનો લાભ લીધોઃ એન.એસ.એસ યુનિટના સહયોગથી કેમ્પ યોજાયો**

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એન્ડ.એસ.એસ યુનિટ ના સહયોગ થી કોલેજ કેમ્પસ માં થેલેસેમીયા ચેકઅપ કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો




પ્રાંતિજ ના કમાલપુર ખાતે આવેલ શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કોલેજ ના પ્રિન્સિપાલ ડૉ.કામેશ્વર પ્રસાદ ના માર્ગદર્શન હેઠળ કોલેજ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે થેલેસેમીયા ચેકઅપ તથા બ્લડ ડોનેશન કેમ્પ તથા બ્લડ ગુપ નુ ચેકઅપ કેમ્પ યોજાયો હતો જેમા કોલેજ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિધાર્થીનીઓએ ઉત્સાહ પૂર્વક કેમ્પ નો લાભ લીધો હતો સમગ્ર કાર્યક્રમ કોલેજ મા કાર્યરત રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) ના સહયોગ થી થેલેસેમીયા ચેકઅપ કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પ તથા બ્લડ ગુપ ચેકઅપ કેમ્પ યોજાયો હતો સમગ્ર કેમ્પ નુ સુંદર આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ.સતીષભાઈ પટેલ , પ્રો.રાજેન્દ્ર ભાઈ પંચાલ , ડૉ.આર.કે.રાવલિયા, રાજેન્દ્ર ભાઈ ઓઝા દ્વારા કરવામા આવ્યુ હતુ તો સમગ્ર કોલેજ સ્ટાફ દ્વારા સહયોગ સાથે સુંદર કામગીરી કરવામા આવી હતી.

## પાલનપુર જૂના લક્ષ્મીપુરામાં આરોગ્ય કેન્દ્રના સ્ટાફ ક્વાર્ટરમાં તસ્કરો ત્રાટકયા

**તસ્કરો ફિમેલ હેલ્થ વર્કરના ઘરેણાં સહિત નોકરી અને અભ્યાસના ડોક્યુમેન્ટ ઉઠાવી ગયા**

પાલનપુર તા. ૨૭

પાલનપુરના જુનાલક્ષ્મી પુરા વિસ્તારમાં આવેલ પેટા આરોગ્ય કેન્દ્ર ના બંધ સ્ટાફ ક્વાર્ટરમાં તસ્કરો એ નિશાન બનાવી ક્વાર્ટરમાંથી ફિમેલ હેલ્થ વર્કરના સોના ચાંદીના દાગીના, રોકડ રકમ અને નોકરીના તેમજ અભ્યાસના જરૂરી ડોક્યુમેન્ટ ઉઠાવી પલાયન થઈ જતા આ મામેલ ૧.૮૮ લાખના મુદ્દામાલની ચોરી અંગે પશ્ચિમ પોલીસ મથેક ફરિયાદ દાખલ કરાઈ છે. પાલનપુરમા જાણે તસ્કરો સક્રિય બન્યા હોય તેમ એક બાદ એક ઘરફોડ ચોરીના બનાવો બની રહ્યા છે .જે વચ્ચે શહેરના જુના લક્ષ્મીપુરા વિસ્તારમાં આવેલ પેટા આરોગ્ય કેન્દ્રમાં ફિમેલ હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવતા અને અહીં સ્ટાફ ક્વાર્ટર માં રહેતા હિરલબેન કનુભાઈ પટેલ જે હાલ આરોગ્ય કર્મચારીઓ ની હડતાળને લઈ સ્ટાફ ક્વાર્ટર બંધ રાખી તેમના ઘરે રહેતા હોય તા.૧૪ થી ૨૪ સપ્ટેબર ના સમય ગાળામા કોઈ અજાણ્યા તસ્કરોએ આરોગ્ય કેન્દ્રના બંધ ક્વાર્ટર નું તાળું તોડી કબાટ તેમજ થેલા માં રહેલા સોનાની ચેઈન અને પેન્ડલ,સોનાનું મંગળસૂત્ર,બે જોડ સોનાની બુટ્ટી, સોનાની વીંટી અને ૬૮ હજાર રોકડ રકમ ફિમેલ હેલ્થ વર્કર હિરલબેનના નોકરીના અને અભ્યાસના જરૂરી ડોક્યુમેન્ટ મળી મળી કુલ રૂ.૧.૮૮ લાખના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

જે મામલે ફિમેલ હેલ્થ વર્કર હિરલબેન પટેલે શહેર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી હતી.

**કઈ કઈ વસ્તુની ચોરી થઈ**

આરોગ્ય કેન્દ્રના ક્વાર્ટર માંથી રૂ.૩૦ હજારની કિંમતના સોનાની ચેઈન અને પેન્ડલ રૂ.૬૦ હજારની સોનાનું મંગળસૂત્ર, રૂ.૨૫ હજારની બે જોડ સોનાની બુટ્ટી, પાંચ હજારની સોનાની વીંટી,રૂ. ૬૮ હજાર રોકડ રકમ ફિમેલ હેલ્થના નોકરીના તેમજ અભ્યાસના ડોક્યુમેન્ટ મળી રૂ.૧.૮૮ લાખના મુદ્દામાલની ચોરી થઈ છે.

## લારીસા ઈન્ડિયા રિસોર્ટના મેમ્બર થવાની લાલચ આપી કપલો પાસેથી નાણાં પડાવતી દિલ્હીની ગેંગ ઝડપાયી

**પાલનપુરમાં એક વર્ષ અગાઉ ઠગાયેલા યુવકે પાંચ શખ્સો સામે પાલનપુર પોલીસ મથકે ફરિયાદ**

પાલનપુર તા. ૨૭

પાલનપુરની રાધેશ્યામ સોસાયટીમાં રહેતા મૂળ ધાણધા ગામના યુવકે અને તેની પત્નીને એક વર્ષ અગાઉ પાલનપુરની હોટલમાં ડિનર માટે બોલાવી પાંચ શખ્સોએ લારીસા ઈન્ડિયા રિસોર્ટના મેમ્બર થવાની લાલચ આપી રૂપિયા ૧.૨૦ લાખ ક્રેડિટ કાર્ડ થી લઈ લીધા હતા. પાછળથી ફોન બંધ કરી છેતરપિંડી આચરતા યુવકે તેમની સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તાલુકા પોલીસે દિલ્હીની આ ગેંગને ઝડપી લીધી હતી. પાલનપુર રાધેશ્યામ સોસાયટીમાં રહેતા મૂળ પાલનપુર તાલુકાના ધાણધા ગામના અશોકકુમાર કરશનભાઈ શ્રીમાળી ઉપર ૨૫ જુલાઈ ૨૦૨૧ ના રોજ વોટ્સએપ મેસેજ આવ્યો હતો. જેમાં લારીસા ઈન્ડિયા રિસોર્ટ ના નામથી હોટલ કેપલમાં ફેમિલી સાથે જમવા માટે બોલાવ્યા હતા. આથી અશોકકુમાર તેમની પત્ની મીનાકુમારી તથા બાળકો સાથે હોટલમાં ગયા હતા.



જ્યાં રાજદીપ ગોહિલે ૧૦ વર્ષની મેમ્બરશીપ માટે વાત કરી રૂપિયા ૧.૨૦ લાખ ભરવા કહ્યું હતું.જોક, તે વખતે ક્રેડિટ કાર્ડ સાથે ન હોવાથી રાત્રે રાજદીપ ગોહિલ અને જય તેમના ઘરે જઈ પીઓએસ મશીનથી સ્વાઈપ કરી ૧,૨૦,૦૦૦ ડેબિટ કરી લીધા હતા.

એના બદલામાં રીસીપ્ટ અને વીઝીટીંગ કાર્ડ આપ્યું હતું. જેમાં નોઈડાના મેનેજર ગોપાલ પોપટનો નંબર હોય કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેના ઉપર સંપર્ક કરવા જણાવ્યું હતું. જોકે બીજા દિવસે રિસોર્ટની વેબસાઈટ ઉપર કન્ફર્મ કરતાં પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું હતું. પાલનપુરની બેંકમાં સંપર્ક કરતા કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હતો. ગોપાલ પોપટ, નિશાંત રાજદીપ ગોહિલ અને જય પણ પોતાનો ફોન બંધ કરી દીધો હતો. અને આ અંગે પોલીસ મથકે અરજી આપી હતી જેની તપાસમાં હરિયાણાના ગુરગાવ ના મનિન્દરકોર અમરજીતસિંગ ભોગલ ના ખાતામાં જમા થયા હોવાનું જણાયું હતું.

આમ પોતાની સાથે છેતરપિંડી કરનાર પાંચ શખ્સો સામે અશોકકુમાર શ્રીમાળીએ પાલનપુર તાલુકા પોલીસ મથકે શુક્રવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

જેમાં પાલનપુર તાલુકા પીઆઈ કે. બી. પટેલે ટીમના એ. એસ.આઈ કેતનકુમાર સહિતે દિલ્હી સુધી તપાસ કરી આ ગેંગને ઝડપી લીધી હતી.

## ગણપત યુનિ.ના નર્સિંગ ઈન્સ્ટિટયુટ દ્વારા અંગદાન-જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**દર વર્ષે ૫,૦૦,૦૦૦ જેટલાં લોકો અંગદાન નહીં મળવાને કારણે મૃત્યુ પામે છે !**

ગણપત વિદ્યાનગર, તા. ૨૭

ગણપત યુનિ.ના કુમુદ અને ભૂપેશ ઈન્ટિટયુટ ઓફ નર્સિંગ દ્વારા તાજેતરમાં જ એક 'અંગદાન જાગૃતિ કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આપણે જાણીએ છીએ કે કોઈ વ્યક્તિ જયારે બ્રેઈન-ડેડ થઈ જાય છે કે મૃત્યુ પામે છે ત્યારે એનાં કીડની, હૃદય, લીવર, આંતરડાં, ફેફસં, સ્વાદુપિંડ વગેરે જેવા અંગો જરૂરિયાતવાળી વ્યક્તિ માટે દાન આપવાથી એને માટે જીવનદાન જેવું મોટું પુણ્યકાર્ય થઈ શકતું હોય છે. પરંતુ આવા અંગદાન માટેની પૂરતી જાગૃતિ હજુ આપણા સમાજમાં આવી નથી. અંગદાન થાય છે,પરંતુ જે માત્રામાં થવા જોઈએ અને તેની જેટલી જરૂર છે તેટલાં હજુ થતાં નથી, જે જાગૃતિ ફેલાય તો જરૂર વધી શકે છે.





ભારતના એક સર્વે પ્રમાણે દર વર્ષે ૫,૦૦,૦૦૦ જેટલાં લોકો માત્ર જરૂર મુજબના અંગો દાન ન મળવાથી જ મૃત્યુ પામે છે. એમાંયે, ૨૦, ૦૦૦ જેટલાં લોકો લીવર નહીં મળવાથી, ૫૦,૦૦૦ જેટલાં લોકો હૃદય નહીં મળવાથી મૃત્યુ પામે છે.

કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે, ૧,૫૦,૦૦૦ જેટલી મોટી સંખ્યામાં લોકો રાહ જોતા હોય છે. એમાંથી માત્ર ૫,૦૦૦ જેટલાં લોકોને જ કિડની મળે છે દર વર્ષે !

ગણપત યુનિવર્સિટીના કુમુદ અને ભૂપેશ ઈન્સ્ટિટ્યુટ ઓફ નર્સિંગના પહેલા વર્ષના (બીએસસી અને જીએનએમ) વિદ્યાર્થીઓએ અંગદાન માટેની ઝુંબેશ માટે પોતાની જાતને પ્રતિબદ્ધ જાહેર કરી, તે અંગેનો સંકલ્પ કર્યો હતો, તો અંગદાન માટેના પોસ્ટર - ડિઝાઈનની સ્પર્ધા સહિતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.